ગ. મ. પ્રે. ગાં. (એચ) ૨૨૪-૭૧૦૦-ગ-૯૭.



રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે
અનામત જગ્યાઓ રાખવા બાબત.

# ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨-૫-૧૯૯૭

સંદર્ભ:— (૧) સા. વ. વિ.ની તા. ૯/૪/૯૭ની અધિસૂચના ક્રમાંક : જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ. ૨.

(૨) સા. વ. વિ.ની તા. ૯/૪/૯૭ની અધિસૂચના ક્રમાંક : જીએસ-૯૭/૧૪ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

## પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગની સંદર્ભમાં જણાવેલી તા. ૯/૪/૯૭ની અધિસૂચનાઓથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગ્યાઓ પર મહિલાઓને નિમણૂક માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત સરકારી નોકરીમાં સીધી ભરતીના તબક્કે મહિલાઓને ઉપલી વય-મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મૂકવાની જોગવાઈ કરવામાં આવી છે. આ હુકમોનો તા. ૯/૪/૯૭ કે તે પછી ભરતી માટેની જાહેરાતોમાં ચુસ્તપણે અમલ કરવામાં આવે તે અંગે ખાતરી કરવા સંબંધકર્તા તમામ નિમણૂકી અધિકારીઓ/ભરતી સંસ્થાઓને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

૨. મહિલાઓ માટે રાખવામાં આવેલ અનામત જગા તથા ઉપલી વય-મર્યાદામાં છુટછાટ આપવા અંગે ઉપર મુજબ થયેલ હુકમોના સંદર્ભમાં સરકારશ્રી સમક્ષ કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા હતા. આ બાબતે કાળજીપૂર્વક વિચારણા કરી ઉપસ્થિત થયેલ મુદ્દાઓ અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે:—

| અ.નં. | મુદ્દો | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧. | તા. ૯/૪/૯૭ના આદેશ પહેલાં જે જગ્યાઓની જાહેરાત થયેલી હોય પરંતુ ઈન્ટરવ્યુ કે પરીક્ષા લેવાયેલ ન હોય તેવા કિસ્સામાં અનામતના આ હુકમો લાગુ પડે કે કેમ ? | તા. ૯/૪/૯૭ પહેલાં જાહેરાત થયેલ હોય અને અરજી મોકલવાની સમય-મર્યાદા તા. ૯/૪/૯૭ પહેલાં પૂરી થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં અનામતના હુકમો લાગુ પડે નહીં. પરંતુ આ જાહેરનામું બહાર પડ્યું તે દિવસે અરજીઓ મોકલવાની સમય-મર્યાદા પૂરી થઈ ન હોય તેવા કિસ્સામાં ફરીથી જાહેરાત આપી અરજીઓ મોકલવાની સમય-મર્યાદા લંબાવવાની રહેશે. તા. ૯/૪/૯૭ પછી જાહેરાત બહાર પડી હોય તેવા પ્રસંગે અનામતના હુકમોનો અમલ શરૂ થશે. |
| ૨. | જે કોઈ કિસ્સામાં અનામત બેઠક પર મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી બેઠક કોને ફાળવવી ? | મહિલા માટેની કુલ અનામત બેઠક જેટલી મહિલા ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં તેવી બેઠક જે જાતિ માટે અનામત હોય તે જાતિના પુરુષ ઉમેદવારને ફાળવી શકાશે. તે જ પ્રમાણે જો કોઈ જાતિ માટે બેઠક અનામત ન હોય તો બિન-અનામત કક્ષાના પુરુષ ઉમેદવારને બેઠક ફાળવી શકાશે. |
| ૩. | જે પ્રમાણે અનુ. જાતિ/જનજાતિ વગેરે માટે રોસ્ટર પ્રથા દાખલ કરેલ છે. તે પ્રમાણે આ અનામતના સંદર્ભમાં રોસ્ટર ક્રમાંક નિયત કરવામાં આવ્યો છે કે કેમ ? | અનામતની ગણતરી ખુબ સહેલી હોવાથી રોસ્ટર ક્રમાંક નિયત કરવા જરૂરી જણાયેલ નથી. દર દશ બેઠકે ત્રણ બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થાય છે. આ હેતુસર પ્રથમ વખતે ત્રણ બેઠક ભરાય તે તબક્કે એક બેઠક મહિલાઓ માટે, બીજી વખત ત્રણ બેઠક ભરાય તે તબક્કે એક બેઠક મહિલાઓ માટે અને ત્રીજી વખતે ચાર બેઠક ભરાય તે વખતે એક બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થશે. આ પ્રમાણે બેઠકની ગણતરી અનુ. જાતિ/અનુ.જનજાતિ સા. અને શૈ. રીતે પ. વર્ગો અને અન્ય એ પ્રમાણે અલગ અલગ ગણવાની રહેશે. જો કોઈ એક ભરતી પ્રસંગે કોઈ જાતિના ઉમેદવાર માટે ત્રણ બેઠક ભરવાની થતી ન હોય તો તેવા પ્રસંગે પાછીના ભરતી પ્રસંગમાં અનામતની ગણતરીના હેતુસર અગાઉના ભરતી પ્રસંગની બેઠક ગણતરીમાં લેવાની રહેશે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૪. | જો કોઈ પ્રસંગે અનામત બેઠક ઉપર પૂરતી સંખ્યામાં મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તેવી બાકી આગળ ખેંચવામાં આવશે કે કેમ ? | ઉપર મુદ્દા નં. ૩ માં જણાવ્યા પ્રમાણે કોઈ ભરતી પ્રસંગે ત્રણ કરતાં ઓછી બેઠક ભરવાની થતી હોય તો આવી ભરાયેલી જગાની ગણતરી પછીના ભરતી પ્રસંગે કરવાની રહેશે. પરંતુ જ્યારે જગા અનામત જાહેર કરવામાં આવેલી હોય તેવે પ્રસંગે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી જગા ઉપર મુદ્દા નં. ૨ માં જણાવ્યા અનુસાર બેઠક પુરા ઉમેદવારને ફાળવી આપવામાં આવશે. આ પ્રમાણે આગામી વર્ષમાં આવી બાકી જગા આગળ ખેંચવાની રહેતી નથી. |
| ૫. | શારીરિક ખોડખાંપણ અને માજી સૈનિકો માટે જે બેઠક અનામત રાખવામાં આવેલી હોય તેમાં મહિલા ઉમેદવારને અનામતનો લાભ મળી શકે કે કેમ ? | હા, જી. |
| ૬. | રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં આ હુકમો લાગુ પડશે કે કેમ ? | જે પ્રમાણે અનુ. જાતિ, અનુ.જનજાતિ અને સા. અને શૈ. રીતે પછાત વર્ગોના અનામત અંગેના આદેશો રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરેને લાગુ પડે છે તે જ પ્રમાણે તેવી સંસ્થાઓ હસ્તકની નોકરીઓમાં મહિલા ઉમેદવારો માટે પણ અનામતના હુકમો લાગુ પડશે. |
| ૭. | જો કોઈ મહિલા ઉમેદવાર મેરીટને ધોરણે પસંદગી પામે તો તેને અનામત જગા સામે ગણવાના રહેશે કે કેમ ? | હા, જી. કુલ જગાના ૩૦ ટકા જગા મહિલા ઉમેદવારો મારફત ભરવાનો સરકારનો ઉદ્દેશ છે. આથી ૩૦ ટકા જગા પર ભરતી કરતી વખતે મેરીટને ધોરણે દાખલ થયેલા હોય તેવા ઉમેદવારની ગણતરી કરી ૩૦ ટકામાં જેટલા ઉમેદવારો ખૂટતા હોય તેટલા ઉમેદવારો અનામતના ધોરણે દાખલ થઈ શકશે. |
| ૮. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે કે કેમ ? જો હા, તો તે માટે શું સિદ્ધાંતો અનુસરવાના રહેશે ? | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે. તે માટે નીચેના સિદ્ધાંતો અનુસરવાના રહેશે:-<br>(૧) જે જગા માટે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિથી ભરતી કરાતી હોય તે જગા પર વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે મેળવેલ ગુણમાં કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. તે જ પ્રમાણે માત્ર રૂબરૂ મુલાકાતને આધારે જ જગા પર ભરતી કરાતી હોય તેવી જગાની બાબતમાં પણ રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણમાં કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે.<br>(૨) જે કિસ્સામાં સ્પર્ધાત્મક પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બંનેની જોગવાઈ હોય તે કિસ્સામાં ઉપર ક્રમ (૧) મુજબ દરેક તબક્કે ૫ ટકા ગુણ ઉમેરી પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે.<br>(૩) જે કિસ્સામાં પરીક્ષામાં બેસવા અથવા તો ઈન્ટરવ્યુ આપવા માટે એસ. એસ. સી. વગેરે લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે પાત્રતા નક્કી થતી હોય તેવા કિસ્સામાં પાત્રતા નક્કી કરવાના હેતુસર ગુણની જરૂરીયાતમાં ૫ ટકાની છૂટ મૂકવાની રહેશે.<br>(૪) ઉપર (૧) થી (૩) મુજબનો લાભ માત્ર એવી મહિલાઓને જ આપવાનો રહેશે. જેમણે ભરતી તથા નિમણૂક સમયે પુનઃલગ્ન કરેલ ન હોય. |

૩. સરકારના ઉપરોક્ત હુકમોનું ચુસ્તપણે પાલન કરવા તમામ નિમણૂંક સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે. આ હુકમોના ચુસ્ત અમલની સઘળી જવાબદારી નિમણૂંક સત્તાધિકારીની રહેશે.

૪. ઉપરોક્ત સૂચનાઓ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી વગેરેના ધ્યાન ઉપર લાવવા અને તેનું ચુસ્તપણે પાલન કરવા અંગે સંબંધિત વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. કે. જોષી,
સંયુક્ત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. (૧૦ નકલો)
*સચિવશ્રી. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જૂનું સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો (પાંચ નકલો)
સર્વે ખાતાના/કચેરીના વડાઓ.
સર્વે સરકારી કર્મચારીઓના માન્ય મંડળો/મહામંડળો.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.
સિલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.

---

*પત્ર દ્વારા.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.